RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧૧  ગુરૂવાર, તા.૨૯-૦૧-૨૦૨૬  અંક : ૧૭૫ વર્ષ : ૨૧  email :rajkot@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# ચાંદીનો ભાવ વધીને ૪ લાખને પાર : સોનુ ૨ લાખ નજીક

## સોના,ચાંદી સહિતની ધાતુઓમાં જોરદાર તેજી : બજાર ખુલતાની સાથે ચાંદીના ભાવમાં ૪.૩૨ ટકા અને સોનાના ભાવમાં ૮.૯૫ ટકાનો તોતિંગ ઉછાળો

મુંબઈ,

સોનુ અને ચાંદી હાલમાં સામાન્ય વર્ગ માટે દુર્લભ ધાતુ બની રહી છે.બંને ધાતુઓની કિંમતમાં અસામાન્ય વધારો થઈ રહ્યો છે.

વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓની માગમાં થયેલા પ્રચંડ વધારાને કારણે ભારતીય કોમોડિટી માર્કેટમાં આજે ઐતિહાસિક રેકોર્ડ સર્જાયો છે. આજે બજાર ખુલતાની સાથે જ ચાંદીએ ઈતિહાસ રચતા પ્રથમવાર ભાવ પ્રતિ કિલોએ રૂ.૪,૦૦,૦૦૦ ની ઐતિહાસિક સપાટી વટાવી દીધી છે.



એમસીએક્સ પર ચાંદીનો વાયદો ૩,૯૯,૦૦૦ ના ભાવે ખૂલ્યો હતો અને જોતજોતામાં ૪,૦૭,૪૫૬ ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. અગાઉના ૩,૮૫,૩૬૬ ના બંધ ભાવની સરખામણીએ ચાંદીમાં આજે કુલ ૧૬૬૩૪ એટલે કે ૪.૩૨ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે.

બીજી તરફ સોનાના ભાવમાં પણ રોકાણકારોને સ્તબ્ધ કરી દે તેવી તેજી જોવા મળી છે. એમસીએક્સ પર સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧,૮૨,૪૬૭ ના ભાવે ખૂલ્યું હતું. કારોબાર દરમિયાન સોનું રૂ.૧,૯૩,૦૯૬ ના ઓલ-ટાઈમ હાઈ લેવલ પર પહોંચ્યું હતું, જે અગાઉના રૂ.૧,૭૭,૧૫૩ ના બંધ ભાવ સામે કુલ ૧૫,૯૪૩ એટલે કે ૮.૯૫ %નો વધારો દર્શાવે છે. હાલમાં સોનું ૧,૯૩,૦૦૦ ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે.બજારના નિષ્ણાતોના મતે, આ તેજી પાછળ અનેક વૈશ્વિક અને સ્થાનિક પરિબળો જવાબદાર છે. વિશ્વમાં યુદ્ધના ભણકારા અને ડૉલરની વધતી જતી વેલ્યૂને કારણે પણ સોના ચાંદી તરફ લોકો આકર્ષાઈ રહ્યા છે. લોકો ખાસ કરીને સેફ એસેટ્સ તરીકે સોના-ચાંદીને જોઈ રહ્યા છે.

## કેન્દ્રીય બજેટ પહેલા શેરબજારમાં ગાબડું : સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટ અને નિફ્ટીમાં ૧૫૬ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ

સંસદના બજેટ સત્રમાં કેન્દ્રીય બજેટ પહેલા જ આજે શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સ ૫૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૮૧૭૭૦ ના સ્તરે કારોબાર કરી રહ્યો છે, જ્યારે નિફ્ટી ૧૫૬ પોઈન્ટ તૂટીને ૨૫૧૮૬ પર પહોંચી ગયો છે. બેંક નિફ્ટીમાં પણ ૧૬૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. BSE સેન્સેક્સના ટોચના ૩૦ શેરોમાંથી ૨૩ શેરો લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા છે, જેમાં મારુતિ અને ઈન્ડિગો જેવા શેરમાં ઘટાડો.શેરબજારમાં આ ઘટાડા પાછળ નિષ્ણાતો ત્રણ મુખ્ય કારણો ગણાવી રહ્યા છે. જેમાં વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવી રહેલી સતત વેચવાલી અને છેલ્લા બે દિવસની તેજી બાદ રોકાણકારો દ્વારા કરવામાં આવેલી નફા વસૂલી છે.રૂપિયાનું ઐતિહાસિક સ્તરે પહોંચેલું અવમૂલ્યન છે; ડોલર સામે રૂપિયો ૯૨ ના સ્તરને પાર કરી ગયો છે.

આગામી બજેટને લઈને રોકાણકારોમાં જોવા મળી રહેલી સાવચેતી છે, જેના કારણે તેઓ જોખમી એસેટ્સમાંથી નાણાં ખેંચીને સોના-ચાંદી જેવા સુરક્ષિત વિકલ્પો તરફ વળી રહ્યા છે.



હિન્દુ સંસ્કૃતિ એટલે એકતામાં વિવિધતા,ધર્મની સાથે સંસ્કૃતિને પણ વણી લેવામાં આવી છે.ભારતના ચેન્નાઈ ક્ષેત્રમાં થાઈ કૃતિગાઈના હિન્દુ તહેવારની ઉજવણી માટે ધાર્મિક શોભાયાત્રા દરમિયાન લોકો દોરડા પર ઝૂલે છે.


## કોલંબિયામાં વિમાન દુર્ઘટનામાં સાંસદ સહિત ૧૫ લોકોના મોત

### ઉડાન ભર્યા બાદ વિમાન રહસ્યમયરીતે ગુમ થયા બાદ વિમાનનો માત્ર કાટમાળ હાથ લાગ્યો

કુકુટા,કોલંબિયા

કોલંબિયામાં સર્જાયેલી એક ભયાનક વિમાન દુર્ઘટનામાં સાંસદ સહિત તમામ ૧૫ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. કોલંબિયામાં કુકુટાથી ઓકાણા જઈ રહેલું 'Beechcraft 1900' નામનું કોમર્શિયલ વિમાન બુધવારે સવારે ૧૧:૪૨ વાગ્યે ઉડાન ભર્યા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ ગયું હતું.

ઉડાનના થોડા સમય બાદ અને લેન્ડિંગની માત્ર ૧૧ મિનિટ પહેલા જ રડાર સાથેનો તેનો સંપર્ક તૂટી ગયો હતો. રાજ્ય એરલાઈન અનુસાર, વિમાનનો છેલ્લો સંપર્ક 'કેટટુમ્બો' ક્ષેત્ર ઉપર નોંધાયો હતો,




ત્યારબાદ વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.સઘન શોધખોળ બાદ બચાવ ટીમોને વિમાનનો કાટમાળ કેટટુમ્બોના અત્યંત દુર્ગમ અને પહાડી વિસ્તારમાંથી મળી આવ્યો છે. સ્થાનિક મીડિયા અને એરલાઈન સત્તાવાળાઓએ પુષ્ટિ કરી છે કે આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૧૩ મુસાફરો અને ૨ ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૧૫ લોકોના મોત થયા છે. આ વિસ્તાર ઊબડ-ખાબડ પહાડો અને ખરાબ હવામાન માટે જાણીતો હોવાથી બચાવ કામગીરીમાં ટીમોને ભારે પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

આ દુર્ઘટનામાં કોલંબિયાની સંસદ (ચેમ્બર ઓફ ડેપ્યુટીઝ) ના સભ્ય ડિયોજેનેસ કિંતેરો અને આગામી ચૂંટણીના ઉમેદવાર કાર્લોસ સાલ્સેડોનું પણ નિધન થયું છે.

સાંસદ વિલમર કેરિલોએ આ અંગે ઘેરો શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તેમના સાથી કિંતેરો અને તેમની ટીમ આ વિમાનમાં મુસાફરી કરી રહી હતી. તપાસકર્તાઓ હવે મલબાની તપાસ કરી રહ્યા છે જેથી અકસ્માત પાછળ ટેકનિકલ ખામી હતી કે ખરાબ હવામાન તે જાણી શકાય.

કોલંબિયાની સિવિલ એવિએશન એજન્સીએ અકસ્માતના કારણોની તપાસ માટે ઉચ્ચ સ્તરીય ટીમની રચના કરી છે. સરકારે મૃતકોના પરિજનોની સહાયતા માટે વિશેષ હેલ્પલાઈન નંબર પણ જારી કર્યો છે. હાલમાં એરોસ્પેસ ફોર્સ અને નાગરિક ઉડ્ડયન સત્તાવાળાઓ ઘટનાસ્થળે પુરાવા એકત્રિત કરી રહ્યા છે.

## અમેરિકાની ઈરાન ઉપર હુમલો કરવાની વધુ એક ચેતવણી

### ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીને વેનેઝુએલા જેવી કાર્યવાહી કરવાનો સંકેત આપ્યો

વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને હુમલાની ચેતવણી આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીને વેનેઝુએલા જેવી કાર્યવાહી કરવાનો સંકેત આપ્યો છે. ટ્રમ્પે તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે, એક વિશાલ કાફલો ઈરાન તરફ આગળ વધી રહ્યો છે. આ ખુબ જ શકિતશાળી છે. આ કાફલાનું નેતૃત્વ એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન કરી રહ્યું છે. જે વેનેઝુએલા મોકલવામાં આવેલા કાફલા કરતા મોટો છે.ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, વિશાળ કાફલો વેનેઝુએલા જેવા માટે મિશન માટે તૈયાર છે.

જો જરૂરી હોય તો ગતિ અને આક્રમકતા સાથે તેના મિશનને પૂર્ણ કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમને આશા છે કે ઈરાન ટૂંક સમયમાં "ટેબલ પર આવશે" અને એક વાજબી અને સંતુલિત કરાર પર વાટાઘાટો કરશે. જેમાં પરમાણુ શસ્ત્રો નહી હોય જે બધા પક્ષો માટે સારું છે. તેમજ સમય પૂરો થઈ રહ્યો છે આ ખરેખર મહત્વપૂર્ણ છે. જેમ મેં પહેલા ઈરાનને કહ્યું હતું સમજુતી કરો તેઓએ એવું ન કર્યું અને પછી ઓપરેશન મિડનાઈટ હેમર થયું, જેમાં ઈરાનને ભારે વિનાશનો સામનો કરવો પડ્શે.

ટ્રમ્પે કહ્યું કે ઈરાન પર આગામી હુમલો છેલ્લા કરતા પણ વધુ ખરાબ હશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમની ટ્રુથ સોશિયલ પોસ્ટમાં આવી ચેતવણી આપીને ફરી એકવાર ઈરાનની ચિંતામાં વધારો કર્યો છે.

અમેરિકી સૈન્યએ દક્ષિણ ચીન સમુદ્રમાંથી અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને મધ્ય પૂર્વ તરફ વાળ્યું છે.જેનાથી આ ક્ષેત્રમાં લશ્કરી દબાણ વધ્યું છે. ઈરાને જવાબ આપ્યો કે આનાથી પોતાનો બચાવ કરવાની તેની ઈચ્છાશક્તિ પર કોઈ અસર થશે નહી. ટ્રમ્પની ધમકીથી ૨૦૧૮ માં અમેરિકાએ ઈરાન પરમાણુ કરારમાંથી ખસી ગયા પછીથી ઉભરી આવેલા તણાવને ફરીવધ્યો છે. જેનાથી પ્રાદેશિક યુદ્ધનું જોખમ વધી ગયું છે.

## અમેરિકા ઈરાન ઉપર લશ્કરી કાર્યવાહી કરશે તો ઈરાન પણ વળતો પ્રહાર કરશે

### ઈરાન અમેરિકા સાથે ટેબલ પર બેસવા તૈયાર છે, પરંતુ જો વોશિંગ્ટન ફક્ત પોતાના વિચારો લાદવા માંગતું હોય તો કોઈ વાટાઘાટો શક્ય નથી : ઈરાની નેતા

તેહરાન

મિડલ ઈસ્ટમાં યુદ્ધના વાદળો વધુ ઘેરાયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પરમાણુ કરાર અંગેની કડક ચેતવણી સામે ઈરાને વળતો પ્રહાર કર્યો છે. ઈરાની સંસદના અધ્યક્ષ મોહંમદ બાકર ગાલિબાફે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે ઈરાન અમેરિકાની 'દાદાગીરી' કે શરતો સામે ક્યારેય ઝૂકશે નહીં. જો અમેરિકા લશ્કરી કાર્યવાહી કરશે, તો તેનો બદલો અત્યંત ભયાનક હશે. એક ઈન્ટરવ્યૂમાં મોહંમદ બાકર ગાલિબાફે અમેરિકાની નીતિઓ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'ઈરાન અમેરિકા સાથે ટેબલ પર બેસવા તૈયાર છે, પરંતુ જો વોશિંગ્ટન ફક્ત પોતાના વિચારો લાદવા માંગતું હોય તો કોઈ વાટાઘાટો શક્ય નથી. ડોનાલ્ડ ટ્રમ્પ માત્ર પોતાની શરતો લાદવા માંગે છે, જે ઈરાન માટે અસ્વીકાર્ય છે.'મોહંમદ બાકર ગાલિબાફે સ્વીકાર્યું હતું કે 'ઈરાન અત્યારે આર્થિક ગેરવહીવટનો સામનો કરી રહ્યું છે, પરંતુ તેમણે આ સંકટ માટે અમેરિકાના સરમુખત્યારશાહી પ્રતિબંધોને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે દેશમાં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન માર્યા ગયેલા ૩૦૦ સુરક્ષા કર્મચારીઓના લોહીનો બદલો લેવાની પણ ખાતરી આપી હતી.'ઈરાને અમેરિકાને સીધી લશ્કરી ચેતવણી આપતા જણાવ્યું છે કે 'જો ઈરાન પર કોઈ પણ પ્રકારનો હુમલો થયો, તો મધ્ય પૂર્વમાં રહેલા અમેરિકન સૈનિકો અને તેમના લશ્કરી મથકો સુરક્ષિત રહેશે નહી.'

## અમેરિકા પછી હવે સાઉથ આફ્રિકા પણ ભારત ઉપર ૫૦ ટકા ટેરિફ લાદે તેવી શક્યતા

### સાઉથ આફ્રિકાની ચીન અને ભારતથી દેશમાં આવતા વાહનો ઉપર ટેરિફ લાદવાની તૈયારી

નવી દિલ્હી

અમેરિકા બાદ ભારત પર સાઉથ આફ્રિકા ૫૦ ટકા ટેરિફ લગાવે તેવી શકયતા છે. આ અંગે મળતી માહિતી મુજબ સાઉથ આફ્રિકા ભારત અને ચીનમાંથી આયાત કરતા વાહનો પર ભારે ટેરિફ લાદી શકે છે. આ અંગે એક અહેવાલના જણાવ્યા અનુસાર સાઉથ આફ્રિકાનો વેપાર, ઉદ્યોગ અને સ્પર્ધા વિભાગ આની સમીક્ષા કરી રહ્યો છે. સાઉથ આફ્રિકા ચીન અને ભારતથી દેશમાં આવતા વાહનો પર આ ટેરિફ લાદવા માંગે છે કારણ કે તે સ્થાનિક ઓટોમોબાઈલ કંપનીઓ વધતી જતી વાહન આયાતની અસરથી ચિંતિત છે અને તેના ઉપાય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

અહેવાલ મુજબ, આ દેશોમાંથી વાહનોના પ્રવાહને રોકવા અથવા ઘટાડવાનો પ્રયાસ કરવા માટે આંતરિક સમીક્ષા ચાલી રહી છે, જેનાથી સ્થાનિક કંપનીઓને ફાયદો થશે. નીતિ નિર્માતાઓનો દલીલ છે કે આ પગલાથી સ્થાનિક ઉદ્યોગમાં સ્પર્ધા ઓછી થશે, જેનો સ્થાનિક કંપનીઓને ફાયદો થશે.

આ વિભાગ ખાસ કરીને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના મોસ્ટ ફેવર્ડ નેશન માર્ગદર્શિકા સાથે આયાત જકાત લાવવા માટે હાલની જકાત યાદીમાં સુધારાઓની તપાસ કરી રહ્યું છે. વાહનના ભાગોની આયાત માટે પણ જકાત વધારવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે.

હાલના ડેટા અનુસાર, ભારત અને ચીન દક્ષિણ આફ્રિકાને વાહનોના બે સૌથી મોટા આયાતકાર છે. વર્ષ ૨૦૨૪ માં કુલ વાહન આયાતમાં ભારત અને ચીનનો હિસ્સો અનુક્રમે ૫૩ ટકા અને ૨૨ ટકા હતો. આ નોંધપાત્ર બજાર હિસ્સાને કારણે દક્ષિણ આફ્રિકાના સ્થિતીનું મૂલ્યાંકન કરી રહ્યું છે. છેલ્લા ચાર વર્ષોમાં ચીનમાંથી આયાતમાં ૩૬૮ ટકાનો વધારો થયો છે, જ્યારે ભારતમાંથી આયાતમાં ૧૩૫ ટકાનો વધારો થયો છે. સૌથી તીવ્ર સ્પર્ધા એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં જોવા મળે છે. જ્યાં ઓછી કિંમતની આયાત સ્થાનિક ઉત્પાદકોની નફાકારકતાને પડકારી રહી છે.

## બારામતી વિમાન દુર્ઘટના : ક્રેશ થયેલા વિમાનનું બ્લેકબૉક્સ મળ્યું

### વિમાન દુર્ઘટનાની તપાસ માટે વિશેષ ટીમની રચના કરાઈ

મુંબઈ

બારામતીમાં અજિત પવારને લઈ જતી વખતે ક્રેશ થયેલા વિમાન લર્નજેટનું બ્લેક બોક્સ મળી આવ્યું છે. હવે તેના આધારે સાચી દિશામાં તપાસ થઇ શકશે કે વિમાન ક્રેશ થયા પહેલા છેલ્લી ઘડીએ કઈ ઘટનાઓ બની હતી.

આ વિમાન દુર્ઘટનાની તપાસ એએઆઈબીની એક વિશેષ ટીમ કરશે. આ દુર્ઘટનામાં અજીત પવાર ઉપરાંત પાયલોટ અને કો પાયલોટ સહિત પાંચ લોકોના પણ મુત્યુ થયા છે. એક ન્યુઝ એજન્સીના જણાવ્યા અનુસાર તપાસ ટીમ વિમાનના ફ્લાઈટ રેકોર્ડર, ગ્રાઉન્ડ પ્રોકિસમિટી વોર્નિંગ સિસ્ટમ અને ડિજિટલ એન્જીન ઈલેક્ટ્રોનિક સિસ્ટમ જપ્ત કરવામાં આવશે. વિમાન સંચાલક કંપની પાસેથી વિમાનના એરફ્રેમ અને એન્જીનની લોગબુકસ, ઓન બોર્ડ ડોકયૂમેન્ટ અને પાંચ મહત્વના રેકોર્ડ નોંધવામાં આવશે. નાગરિક ઉડયન મહા નિદેશાલય (ડીજીસીએ) પાસેથી વિમાન અને ક્રુ સંબંધિત દસ્તાવેજ, રડાર ડેટાનું રેકોર્ડિંગ, સીસી ટીવી ફૂટેજ, એટીસી ટેપ રેકોર્ડિંગ અને હોટલાઈન કોમ્યુનિકેશન રેકોર્ડ પણ મેળવવામાં આવશે. તપાસ ટીમ લેયર જેટ -૪૫ વિમાનના તમામ રેકોર્ડનું વિશ્લેષણ કરશે જે એક પ્રાઈવેટ ચાર્ટડ વિમાન હતું.